| | | | |
|---|---|---|---|
| GJBN150006572025 | सत्यमेव जयते | આંક: | |
| | | કેસ દાખલ તા. | ૧૪/૧૦/૨૦૨૫ |
| | | કેસ રજી.તા. | ૧૪/૧૦/૨૦૨૫ |
| | | કેસ ફેસલ તા. | ૧૭/૦૭/૨૦૨૬ |
| | | સમયગાળો : | વર્ષ–માસ–દિવસ |
| | | | ૦૦–૦૯–૦૩ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO. (S)1/2017 તથા ક્રીમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટીફીકેશન નંબર C-2001-93 તારીખ : 20-05-2022 ના ઠરાવેલ પર્ફોમા મુજબ**

**મહુવાના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ તથા જજ, એફ.ટી.એસ.સી. (પોક્સો) કોર્ટ, મહુવા, જી.ભાવનગર**

**(ચુકાદાની તારીખ :–૧૭/૦૭/૨૦૨૬)**

**સ્પે. પોક્સો કેસ નં.–૨૩/૨૦૨૫**

**-: FORM-A :-**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશન |
| **ગુનો** | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૮(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨ |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૮(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨ |
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>(મુળ ફરીયાદી :–ભોગબનનાર) |

| | |
|---|---|
| **વિ.એ.પી.પી.શ્રી** | કે.એચ.કેસરી |
| **આરોપી** | (૧) મેહુલભાઈ માવજીભાઈ બારૈયા, ઉ.વ.૨૨, ધંધો-ડ્રાઈવિંગ, રહે.ભાદ્રોડ ગામ, મફતપરા વિસ્તાર, મોમાઈ માતાના મંદિર પાછળ, મહુવા, જી.ભાવનગર |
| **આરોપી તરફે વિ.વ.શ્રી** | કે.એસ.ગઢાદરા |

**-: FORM-B :-**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૧૦/૦૯/૨૦૨૫ |
| **ફરીયાદની તારીખ** | ૧૦/૦૯/૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખ** | ૦૭/૧૦/૨૦૨૫ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૩૧/૦૧/૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૦૨/૦૪/૨૦૨૬ |
| **ચુકાદો સંક્ષીપ્તમાં રાખ્યાની તારીખ** | ૧૮/૦૬/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૭/૦૭/૨૦૨૬ |
| **સજા હુકમની તારીખ જો કોઈ હોય તો** | ૧૭/૦૭/૨૦૨૬ |

## આરોપીની વિગત :-

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત** | **કયા ગુનાનો આક્ષેપ છે ?** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ?** | **શું સજા કરી ?** | **બી.એન.એસ.એસ.ની કલમ-૪૬૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મેહુલભાઈ માવજીભાઈ બારૈયા | ૧૧/૦૯/ ૨૦૨૫ | ૧૭/૦૯/ ૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૮(૧) | કસુરવાર | આખરી હુકમ મુજબ | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨ | | | |

## -: FORM-C :-

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (A) ફરીયાદપક્ષ તરફે :–

### –: મૌખિક પુરાવાઓ :–

| સાહેદ નંબર | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ભોગબનનાર | ભોગબનનાર | ૦૯ |
| ૨ | ******ભોગબનનારના પિતા | સાહેદ | ૧૨ |
| ૩ | શિવાભાઈ શામજીભાઈ શિયાળ | સાહેદ | ૧૩ |
| ૪ | ધીરૂભાઈ ગદાભાઈ મેર | પંચ સાહેદ | ૧૯ |
| ૫ | શૈલેષભાઈ વગડભાઈ શિયાળ | પંચ સાહેદ | ૨૧ |
| ૬ | ઘેલાભાઈ ભીખાભાઈ મકવાણા | પંચ સાહેદ | ૨૨ |
| ૭ | વિશ્વદિપસિંહ પ્રતાપસિંહ ગોહિલ | પી.એસ.ઓ. | ૨૫ |
| ૮ | સંજયસિંહ અજીતસિંહ ઝાલા | ત.ક.અ. | ૨૮ |

### (B) બચાવપક્ષના સાહેદો :–

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

### (C) કોર્ટના સાહેદ જો કોઈ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ

### (A) ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન | ૧૦ |
| ૨ | ફરીયાદ | ૧૧ |
| ૩ | ભોગબનનારનો જન્મ તારીખનો દાખલો | ૧૪ |
| ૪ | બોનાફાઈડ સર્ટીફીકેટ | ૧૫ |
| ૫ | શાળાનો જી.આર.નો ઉતારો | ૧૬ |
| ૬ | જન્મ તારીખનો દાખલો કાઢી આપવા કરેલ ચાદી | ૧૭ |
| ૭ | ભોગબનનારનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ખરીનકલ | ૧૮ |
| ૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૨૦ |
| ૯ | આરોપીનું અટક પંચનામુ | ૨૩ |
| ૧૦ | રીકવરી પંચનામુ | ૨૪ |
| ૧૧ | તપાસ સંભાળી લેવાનો હુકમ | ૨૬ |
| ૧૨ | સ્ટે.ડાયરીની ખરીનકલ | ૨૭ |
| ૧૩ | બી.એન.એસ.એસ.ની કલમ–૩૫(૩) ની નોટીસ | ૨૯ |
| ૧૪ | બી.એન.એસ.એસ.ની કલમ–૩૫(૩) ની નોટીસ મળ્યા બદલ આરોપીની સ્વીકૃતી | ૩૦ |
| ૧૫ | બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબ ભોગબનનારનું નિવેદન લેવડાવવા અને નકલ મળવા બાબતની ચાદીઓ | ૩૧, ૩૨ |
| ૧૬ | ક્લોઝીંગ પુરસીસ | ૩૩ |

### (B) બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ–

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## (C) કોર્ટના સાહેદ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ–

| અનુક્રમ નંબર | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## ચુકાદો

૧.૧ આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ સગીર વયની ફરીયાદી/ભોગબનનાર ઉ.વ.૧૬ વર્ષ ૯ માસની સ્કુલ પુર્ણ કરી પોતાની સ્કુલની બસમાંથી પોતાના ગામના ભવાની મંદિર રોડ ઉપર ઉતરી એકલી ઘરે(વાડી)એ જતી હતી ત્યારે સાંજના આશરે છએક વાગ્યાની આસપાસ આરોપી પોતાની મોટર સાયકલ TVS Super XL HD મોપેડ જેના રજી. નં. GJ–04–BL–6580 ની લઈ, ફરીયાદી/ભોગબનનારની સાઈડ કાપી, ફરીયાદી/ભોગબનનાર સામે જોઈ ઈશારાઓ કરી, આગળ જતા રહેલ અને આગળ ફરીયાદી/ભોગબનનારના વાડીના રસ્તે નાળુ તુટેલુ છે ત્યાં આગળ પોતાનું મોટર સાયકલ વાળી ઉભા રહી અને આરોપીની બાજુમાં રોડની સાઈડમાંથી ફરીયાદી/ભોગબનનાર નિકળતા, આરોપીએ તેઓના પેન્ટની આગળની ચેઈન ઉપર હાથ લઈ જઈ, ફરીયાદી/ભોગબનનાર સામે ઈશારા કરી, ફરીયાદી/ભોગબનનારને કહેલ કે, "તારે મારૂ આ લેવુ છે, તારે મારૂ આ લેવુ છે" એવુ બે ત્રણ વાર બોલી, ફરીયાદી/ભોગબનનારની જાતીય સતામણી કરી, આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૭૮(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૧૨ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે.

૧.૨ આ કામે મહુવા ગ્રામ્ય પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.–૧૧૧૯૮૦૭૦૨૫૦૫૨૯/૨૦૨૫ થી ગુનો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ હાલના ગુનાની તપાસ ત.ક.અ.ને સોંપવામાં આવેલ છે. ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ પંચનામા વિગેરે કાર્યવાહી કરી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સ્પે. કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

૨. આ કેસ અત્રેની કોર્ટમાં દાખલ થતા તેને સ્પે. પોક્સો કેસ નં.–૨૩/૨૦૨૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

૩. આ કામે આરોપી હાજર થતા બી.એન.એસ.એસ.ની કલમ – ૨૩૦ અન્વયેની જોગવાઈના ભાગરૂપે હાલના ચાર્જશીટ તથા તમામ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ છે અને આ કામે ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાના ભાગરૂપે આ કામે સરકાર તરફે બી.એન.એસ.એસ.ની કલમ – ૨૪૯ અન્વયે પોતાનો કેસ ઓપન કરતા પ્રથમ આરોપી વિરૂધ્ધ તહોમતનામુ થઈ શકે તેવુ દર્શાવતા આ કામે આરોપી વિરૂધ્ધ આંક–૦૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૭૮(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૧૨ અન્વયેના શિક્ષાનેપાત્ર ગુના સબબ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. તહોમતનામુ આરોપીને વાંચી સંભળાવતા ગુનો કબુલ છે કે નહી તે સબબ પુછતા ગુનો ન કબુલ હોવાનું જણાવતા આંક–૦૬ થી તેઓનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમા પોતાનો કેસ ખાનગી વકીલ મારફત બચાવ કરવા માંગે છે તે મતલબનું નિવેદન કોર્ટ રૂબરૂ આપેલ છે.

૪. **આરોપીનું વધારાનું નિવેદનઃ–**

પ્રોસીક્યુશન પક્ષના તમામ પુરાવા બાદ સદર પુરાવાના સંદર્ભે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ ની જોગવાઈ અનુસાર આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરતા આરોપીએ તમામ પુરાવાની સત્યતાનો ઈન્કાર કરી, વધુમાં તેઓ નિર્દોષ હોય, તેઓએ આવો કોઈ ગુન્હો કરેલ ન હોય, તેઓને ખોટા ગુનામાં ફસાવેલ છે. ભોગબનનારના પિતા સાથે અગાઉની તકરાતો હતી તેથી ખોટી ફરીયાદ કરેલ છે.

તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. વધુમાં તેઓ સોગંધ પર જુબાની આપવા માંગતા ન હોવાનું અને બચાવના સાહેદ પણ તપાસવા માંગતા ન હોવાનું જાહેર કરતા તેમના તરફે કોઈ પુરાવો ન હોય, હાલના કામે બંન્ને પક્ષ તરફે દલીલો સાંભળી હાલનું કામ ચુકાદા માટે મુલત્વી રાખવામાં આવેલ.

૫. **<u>દલીલોઃ–</u>**

૫.૧ આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એચ.કેસરીએ દલીલ કરેલ છે કે, આરોપી સામે આંક–૦૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૮(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આ કામે આંક–૦૯ થી ફરીયાદી/ભોગબનનારને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. ભોગબનનારે તેઓની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમજ ભોગબનનારના પિતાને આંક–૧૨ થી સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમજ આંક–૧૩ થી શાળાના આચાર્ય શીવાભાઈ શીયાળને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા તથા રજુ ભોગબનનારના જન્મ તારીખના દાખલાથી ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હોવાની હકીકતને સમર્થન મળે છે. તેમજ આ કામે તપાસેલ ત.ક.અમલદારનો પુરાવો જોતા તેઓએ કરેલ તપાસની કાર્યવાહી અને તેઓની તપાસ દરમ્યાન મેળવેલ દસ્તાવેજોને સમર્થકારી પુરાવો આપેલ છે. આમ, આરોપીએ સગીર વયની ભોગબનનારની જાતીય સતામણી કરેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષે રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોય, આરોપીને દોષિત ઠરાવી સજા કરવા અરજ કરેલ છે.

૫.૨ આરોપીના વિ.વ.શ્રી કે.એસ.ગઢાદરાએ દલીલ કરેલ છે કે, આરોપી વિરૂધ્ધ જાતીય સતામણીનો આરોપ મુકવામાં આવેલ છે. તેમજ આંક–૦૯ થી ભોગબનનારને તપાસવામાં આવેલ છે. જે જગ્યાએ બનાવ બનેલ તે જાહેર માર્ગ છે. તેમજ વાડી સુધી ચાલતા જતા અંધારૂ થઈ જાય. ફરીયાદમાં બનાવ સાડા પાંચનો કહે છે. જ્યારે બનાવના દિવસે સાડા પાંચ વાગ્યે તો ઘરે પહોચી ગયેલ હોવાનું જણાવે છે. બનાવ સાડા પાંચ વાગ્યે બનેલ હોવાનું જણાવે છે જેની ફરીયાદ મોડી રાત્રીના ૧૧:૫૫ વાગ્યે ફરીયાદ લખાય છે. ફરીયાદ મોડી લખાવવાનું કોઈ કારણ જણાવેલ નથી. આરોપીની ઓળખ પરેડ કરાવવા અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આરોપીનું નામ તેમના પપ્પાએ લખાવેલ હોવાનું કબુલ રાખેલ છે. બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય લોકોની અવર જવર પણ રહેતી હોય, ગામ લોકોએ આરોપીને મારેલ, આરોપીનું કોઈ મોટર સાયકલ પણ ભોગબનનારે બતાવ્યા મુજબ કબજે કરવામાં આવેલ નથી. આજુ બાજુના કોઈ ખેતરવાળાના નિવેદનો પણ તપાસના કામે નોંધવામાં આવેલ નથી. સ્કુલે જતા કોઈ વિધાર્થિઓના પણ નિવેદનો લેવામાં આવેલ નથી. ખોટી ફરીયાદ ઉભી કરવામાં આવેલ હોય, સ્ટેશન ડાયરીમાં ગુનાની કોઈ ટુંકી નોંધ પણ કરવામાં આવેલ નથી. મોટર સાયકલનું પણ ખોટી રીતે ડીસ્કવરી પંચનામુ કરવામાં આવેલ છે. મોટર સાયકલ આરોપીની માલીકીનું હોય તેવા પણ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આરોપીની ઓળખ અંગે પણ શંકા ઉત્પન્ન થતી હોય, ગામ લોકોએ જુની અદાવતના કારણે ભોગબનનારને હાથો બનાવી ખોટી ફરીયાદ ઉભી કરાવેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૬. આરોપી સામેના આરોપના સ્વરૂપને તથા તે સંદર્ભેની કાયદાની જોગવાઈને ધ્યાને લઈ હાલના કેસના ગુણ–દોષ પરના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

## મુદ્દા

૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હતા ?

૨) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ સગીર વયની ફરીયાદી/ભોગબનનાર ઉ.વ.૧૬ વર્ષ ૯ માસની સ્કુલ પુર્ણ કરી પોતાની સ્કુલની બસમાંથી પોતાના ગામના ભવાની મંદિર રોડ ઉપર ઉતરી એકલી ઘરે(વાડી)એ જતી હતી ત્યારે સાંજના આશરે છએક વાગ્યાની આસપાસ આરોપી પોતાની મોટર સાયકલ TVS Super XL HD મોપેડ જેના રજી. નં. GJ–04–BL–6580 ની લઈ, ફરીયાદી/ભોગબનનારની સાઈડ કાપી, ફરીયાદી/ભોગબનનાર સામે જોઈ ઈશારાઓ કરી, આગળ જતા રહેલ અને આગળ ફરીયાદી/ભોગબનનારના વાડીના રસ્તે નાળુ તુટેલુ છે ત્યાં આગળ પોતાનું મોટર સાયકલ વાળી ઉભા રહી અને આરોપીની બાજુમાં રોડની સાઈડમાંથી ફરીયાદી/ભોગબનનાર નિકળતા, આરોપીએ તેઓના પેન્ટની આગળની ચેઈન ઉપર હાથ લઈ જઈ, ફરીયાદી/ભોગબનનાર સામે ઈશારા કરી, ફરીયાદી/ભોગબનનારને કહેલ કે, "તારે મારૂ આ લેવુ છે, તારે મારૂ આ લેવુ છે" એવુ બે ત્રણ વાર બોલી, ફરીયાદી/ભોગબનનારની જાતીય સતામણી કરી, આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૭૮(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૧૨ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

૩) શું હુકમ ?

૭. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છેઃઃ

૧) હકારમાં

૨) હકારમાં

૩) આખરી હુકમ મુજબ

## કારણો

૮. **મુદ્દા નં.–૧ ના નિર્ણય માટેના કારણોઃ–**

૮.૧) **પુરાવાનો બોજોઃ–**

હાલના કામે મુદ્દા નં.–૧ ના સંદર્ભે પુરાવાના બોજાનો પ્રશ્ન છે ત્યા સુધી સગીર વયની ફરીયાદી/ભોગબનનાર ઉ.વ.૧૬ વર્ષ ૯ માસની સ્કુલ પુર્ણ કરી પોતાની સ્કુલની બસમાંથી ઉતરી એકલી ઘરે(વાડી)એ જતી હતી ત્યારે આરોપી પોતાની મોટર સાયકલ લઈ આવી, ફરીયાદી/ભોગબનનાર સામે જોઈ ઈશારાઓ કરી, આરોપીએ તેઓના પેન્ટની આગળની ચેઈન ઉપર હાથ લઈ જઈ, ફરીયાદી/ભોગબનનાર સામે ઈશારા કરી, ફરીયાદી/ભોગબનનારને કહેલ કે, "તારે મારૂ આ લેવુ છે, તારે મારૂ આ લેવુ છે" એવુ બે ત્રણ વાર બોલી, ફરીયાદી/ભોગબનનારની જાતીય સતામણી કરી ગુનો કરેલ છે તેવા આરોપોના સ્વરૂપને જોતાં હાલના કામે સૌ પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા કે કેમ ? તે બાબતનો નિર્ણય કરવો જરૂરી હોઈ તથા કાયદાના અને આગળ ટાંકેલ ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ બનાવ સમયે ભોગ બનનાર સગીર હોય તેવા સ્પષ્ટ કેસ સાથે પ્રોસી. પક્ષ આવેલ હોઈ, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની યાને કે તે સગીર વયની હોય તેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો પ્રોસી.પક્ષના શીરે રહેલ છે.

૮.૨) **<u>નામદાર સુપ્રીમ કોર્ટના ૨૦૧૫ કાઈમ્સ ૩૧૯ (સુપ્રીમ કોર્ટ) સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ વિ. અનોપસિંહ તથા ૧૯૯૬(૨) સુપ્રીમ કોર્ટ કેસીસ પાના નં. –૩૮૪ કેદારનાથ વિ. સ્ટેટ ઓફ દિલ્હી ના ચુકાદા, તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના (૧) જર્નેલસિંઘ વિ. સ્ટેટ ઓફ હરીયાણા, (૨૦૧૩) ૭ એસ.સી.સી. ૨૬૩ તથા (૨) પી યુવાપ્રકાશ વિ. સ્ટેટ રીપ્રેઝન્ટેડ બાય ઈન્સ્પેકટર ઓફ પોલીસ,</u>**

**૨૦૨૩ એ.આઈ.આર. (એસ.સી.) ૩૫૨૫** ના ચુકાદાના પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતો ભોગબનનારની ઉંમર માટે ધ્યાને લેવામાં આવેલ છે.

૮.૩) વધુમાં જોઈએ તો નામદાર સુપ્રીમ કોર્ટે ઉંમર સબંધે ૨૦૧૫ કાઈમ્સ ૩૧૯ (સુપ્રીમ કોર્ટ) સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ વિ. અનોપસિંહ કી. પર. અરજી નં.– ૪૪૨/૧૦ માટે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો લક્ષમાં રાખતા તેમા પેરા ૧૧, ૧૨ તેમજ ૧૩માં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જન્મનો દાખલો શ્રેષ્ઠ પુરાવો ગણાય તેજ રીતે ૧૯૯૬ (૨) સુપ્રીમ કોર્ટ કેસીસ પાના નં.–૩૮૪ કેદારનાથ વિ. સ્ટેટ ઓફ દિલ્હી તથા ૧૯૯૭, કીમીનલ લો જર્નલ, પેઈજ નં.–૨૮૪૨. જીતમોહન લુહાર વિ. સ્ટેટ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત લક્ષમાં લેતા ભોગ બનનાર જયારે બનાવ વખતે સગીર વયની હોય અને તેની ઉંમર સંદર્ભે જયારે ફરીયાદપક્ષ દવારા શાળાના રજીસ્ટરનો ઉતારો કે જન્મના પ્રમાણપત્રનો પુરાવો અને તે બંને પુરાવા ન હોય તો મેડીકલ તપાસણી દરમ્યાન નક્કી કરવામાં આવેલી ઉંમર લક્ષમાં લેવી જોઈએ.

૮.૪) ફરીયાદપક્ષ દ્વારા ભોગબનનારની જન્મ તારીખની સાબીતી માટે આંક–૧૩ થી શ્રી સત્યમ માધ્યમીક શાળા, રાણીવાડાના આચાર્ય શીવાભાઈ શામજીભાઈ શિયાળને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં ભોગબનનારની રેકર્ડ મુજબ જન્મ તા.૨૨/૧૧/૨૦૦૮ ની હોવાનું, તેમજ આ માહીતી ભોગબનનારને તેમની શાળામાં ધોરણ–૯ માં પ્રવેશ આપતી વખતે વાઘનગર પ્રાથમીક શાળાના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ આધારે નોંધવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ જુબાની દરમ્યાન આંક–૧૪ થી જન્મનો દાખલો, આંક–૧૫ થી બોનાફાઈડ સર્ટીફીકેટ, તેમજ આંક–૧૬ થી જી.આર.નો ઉતારો રજુ કરેલ છે. જે ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તા.૨૨/૧૧/૨૦૦૮ નોંધાયેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૨ થી

ભોગબનનારના પિતાને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં ભોગબનનારની ઉંમર ૧૬ થી ૧૭ વર્ષની હોવાની, તેમજ ધોરણ-૧૨ ની પરીક્ષા આપેલ હોવાની, તેમજ જન્મ તારીખ ખબર નહી હોવાનું પરંતુ સને-૨૦૦૮ માં જન્મ થયેલ હોવાની હકીકત જણાવે છે. જ્યારે આ સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા સાહેદ કળસાર ગ્રામ પંચાયતે તેઓ ભોગબનનારની જન્મની નોંધ કરાવવા ગયેલ નહી હોવાની હકીકત કબુલ રાખેલ છે. જ્યારે સાહેદે સ્વૈચ્છાએ જણાવેલ છે કે, તેઓએ હોસ્પિટલમાં જ નામ આપેલ.

૮.૫) આમ, ઉપરોક્ત તમામ પુરાવાનું મુલ્યાંકન કરતા ભોગબનનારના સ્કુલ રેકર્ડ મુજબ બોગબનનારની જન્મ તારીખ ૨૨/૧૧/૨૦૦૮ ની હોવાનું ફલીત થાય છે. ભોગબનનારના પિતા પણ ભોગબનનારનો જન્મ સને-૨૦૦૮ ની સાલમાં થયેલ હોવાની હકીકતને સમર્થન કરે છે. તેમજ ભોગબનનારનો જન્મ કળસાર ગામની હોસ્પિટલમાં થયેલ હોવાની હકીકતને પણ સમર્થન મળે છે. જ્યારે ભોગબનનારની ઉંમર ઉપર શંકા જાય તેવી કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપરથી ફલીત થતી નથી. જ્યારે હાલનો બનાવ તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ બનવા પામેલ છે. જે ધ્યાને લેતા બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૬ વર્ષ ૯ માસની હોવાનું ફલીત થતુ હોય, ફરીયાદપક્ષ ભોગબનનાર સગીર વયની હોવાનું સાબિત કરવામાં સફળ ગયેલ હોવાનું અત્રેની અદાલતનું માનવુ હોય, જેથી **મુદ્દા નં.-૧ નો જવાબ હકારમાં** આપવામાં આવેલ છે.

૯. **મુદ્દા નં.-૨ ના નિર્ણય માટેના કારણોઃ-**

**પુરાવાનો બોજોઃ**

મુદ્દા નં.-૨ ના સ્વરૂપને ધ્યાને લેતા તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ સગીર વયની ફરીયાદી/ભોગબનનાર ઉ.વ.૧૬ વર્ષ ૯ માસની સ્કુલ પુર્ણ કરી પોતાની સ્કુલની બસમાંથી પોતાના ગામના

ભવાની મંદિર રોડ ઉપર ઉતરી એકલી ઘરે(વાડી)એ જતી હતી ત્યારે સાંજના આશરે છએક વાગ્યાની આસપાસ આરોપી પોતાની મોટર સાયકલ TVS Super XL HD મોપેડ જેના રજી. નં. GJ–04–BL–6580 ની લઈ, ફરીયાદી/ભોગબનનારની સાઈડ કાપી, ફરીયાદી/ભોગબનનાર સામે જોઈ ઈશારાઓ કરી, આગળ જતા રહેલ અને આગળ ફરીયાદી/ભોગબનનારના વાડીના રસ્તે નાળુ તુટેલુ છે ત્યાં આગળ પોતાનું મોટર સાયકલ વાળી ઉભા રહી અને આરોપીની બાજુમાં રોડની સાઈડમાંથી ફરીયાદી/ભોગબનનાર નિકળતા, આરોપીએ તેઓના પેન્ટની આગળની ચેઈન ઉપર હાથ લઈ જઈ, ફરીયાદી/ભોગબનનાર સામે ઈશારા કરી, ફરીયાદી/ભોગબનનારને કહેલ કે, "તારે મારૂ આ લેવુ છે, તારે મારૂ આ લેવુ છે" એવુ બે ત્રણ વાર બોલી, ફરીયાદી/ભોગબનનારની જાતીય સતામણી કરી, આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૭૮(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ – ૧૨ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે કે કેમ તે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે.

૧૦. **<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

૧૦.૧) સદર કામમાં ફરીયાદપક્ષ દ્વારા આંક–૦૯ થી ફરીયાદ આપનાર તેમજ ભોગબનનારને તપાસવામાં આવેલ છે. તેણીએ તેમની જુબાનીમાં બનાવના દિવસે સ્કુલેથી બસમાંથી પાછી આવતી હતી ત્યારે ભવાની વાળા રસ્તે ઉતરી તેણીના ઘરે ચાલીને જતી હતી ત્યારે આરોપી મોટર સાયકલ ઉપર આવેલ હોવાની, તેમજ મોટર સાયકલ ઉભુ રાખી તેના પેન્ટની ચેઈન પાસે પોતાનો હાથ લઈ જઈ અને "તારે આ લેવુ છે" તેવુ કહેલ હોવાની અને ત્યારબાદ ભોગબનનાર દોડીને તેના પિતા ખેતરમાં કામ કરતા હતા ત્યાં જતી રહેલ હોવાની અને તેણીના પિતાને વાત કરેલ હોવાની અને તેઓના પિતા સાથે ભોગબનનાર આરોપીને શોધવા જતા આરોપી ગામના

જાપા સુધી પહોચી ગયેલ હોવાની અને તેઓના પિતાએ આરોપીને પકડી લઈ અને પોલીસને ફોન કરેલ હોવાની અને પોલીસ આરોપીને પકડીને લઈ ગયેલ હોવાની અને ત્યારબાદ બનાવની ફરીયાદ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે સાહેદની બચાવપક્ષ દ્બારા વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ છે. પરંતુ ભોગબનનારની જુબાની ઉપર શંકા જાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેવી જ રીતે સાહેદની જુબાની તેમની ફરીયાદ, તેમજ આંક-૧૦ થી રજુ થયેલ બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબના નિવેદન સાથે સંપુર્ણ સાતત્યપુર્ણ જણાય આવે છે.

૧૦.૨) ફરીયાદપક્ષ દ્બારા આંક-૧૨ થી ભોગબનનારના પિતાને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં બનાવ વખતે ભોગબનનાર સ્કુલેથી આવીને રડવા લાગેલ અને રાડો પાડવા લાગેલ હોવાની અને ભોગબનનારે વાત કરેલ કે, છોકરાએ તેણીને ઉભી રાખીને મારૂ આ લેવુ છે તેવુ કહેલ હોવાની અને તેઓ ભોગબનનારને લઈ રોડ ઉપર ગયેલ હોવાની અને વાઘનગર તેઓની દિકરી સાથે પાછા આવતા હતા ત્યારે વાઘનગર નદીના નાળા પાસે જાપા પાસે તેઓની દિકરી આરોપીને જોઈ ગયેલ હોવાની અને આરોપીને વડલા નીચે લઈ જઈ પુછેલ હોવાની અને ગામના માણસો ભેગા થઈ ગયેલ હોવાની અને પોલીસ આરોપીને લઈ ગયેલ હોવાની અને ભોગબનનારે ફરીયાદ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે આ સાહેદની બચાવપક્ષ દ્બારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્થળ ઉપર કોઈ ફરીયાદ આપેલ ન હોવાની અને પોલીસ સ્થળ પરથી જતા રહ્યા બાદ ફરીયાદ આપવાનું નક્કી કરેલ હોવાની અને પોલીસવાળાએ આરોપીની ઓળખ કરવા તેમને કે ભોગબનનારને ક્યાય બોલાવેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે.

૧૦.૩) ફરીયાદપક્ષ દ્બારા આંક-૧૯ થી પંચ સાહેદ ધીરૂભાઈ ગદાભાઈ મેર તથા આંક-૨૧ થી પંચ સાહેદ શૈલેષભાઈ વગડભાઈ

શીયાળને સોગંદપર તપાસવામાં આવેલ છે. આ બંને સાહેદો તેઓના પુરાવામાં આંક-૨૦ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી, વિ.એ.પી.પી.શ્રીને આ બંને પંચ સાહેદોને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા તેમા પણ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

૧૦.૪) ફરીયાદપક્ષ દ્વારા આંક-૨૨ થી પંચ સાહેદ ઘેલાભાઈ ભીખાભાઈ મકવાણાને સોગંદપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં પોલીસ તેઓને અને ભરતભાઈ બાધાભાઈને મહુવા પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલ હોવાની અને એક ઈસમ બતાવેલ હોવાની અને સરકારી જીપમાં બેસીને ગાંધીબાગથી જતા ભાદ્રોડ નદીનો પુલ આવે ત્યાં આ ઈસમે ગાડી ઉભી રાખવાનું કહેલ હોવાની અને ત્યાં મોટરસાયકલ પડેલ હોવાની અને તે પોલીસ સ્ટેશને લઈ આવેલ હોવાની અને સ્થળ ઉપર આ બાબતનું પંચનામુ કરેલ હોવાની અને તેઓની સહી લીધેલ હોવાની અને રીકવરી અને અટક પંચનામુ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

૧૦.૫) ફરીયાદપક્ષ દ્વારા આંક-૨૫ થી પી.એસ.ઓ. વિશ્વદિપસિંહ પ્રતાપસિંહ ગોહીલને સોગંદ પર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં ફરીયાદીની ફરીયાદ તેઓ પાસે ગુનો દાખલ કરવા સારૂ આવતા તેઓએ ગુનો દાખલ કરી આગળની તપાસ પી.એસ.આઈ. એસ.એ.ઝાલાને સોંપી આપેલ હોવાની હકીકત જણાવેલ છે.

૧૦.૬) ફરીયાદપક્ષ દ્વારા આંક-૨૮ થી ત.ક.અ. સંજયસિંહ અજીતસિંહ ઝાલાને સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેઓના પુરાવામાં ભોગબનનારની ફરીયાદ તેઓના રૂબરૂમાં લખી લઈ અને ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ.ને મોકલી આપેલ હોવાની

અને ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપી આપતા તેઓએ તપાસ સંભાળી લીધેલ હોવાની અને બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોવાની અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ હોવાની અને ભોગબનનારની ઉંમરની ખાત્રી માટે સત્યમ વિદ્યાલય, રાણીવાડાને યાદી કરી અને જન્મ તારીખનો દાખલો, બોનાફઈડ સર્ટી. અને જી.આર.ના ઉતારાની ખરીનકલ મેળવેલ હોવાની અને ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન લેવડાવવા તળાજા કોર્ટને યાદી કરેલ હોવાની અને આરોપીનું અટક પંચનામુ કરેલ હોવાની અને ગુનામાં ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ કબજે કરેલ હોવાની અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે આ સાહેદની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આરોપીની મામલતદાર રૂબરૂ કોઈ ઓળખ પરેડની કાર્યવાહી કરાવેલ ન હોવાની અને ફરીયાદીએ ફરીયાદમાં મોટર સાયકલનો નંબર કે કલર જાહેર કરેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે.

૧૧. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા આ કામના આરોપીએ ભોગબનનારને તેના પ્રાઈવેટ પાર્ટ પાસે ઈશારો કરી તેને પ્રાઈવેટ પાર્ટ જોઈએ છે તેમ કહી ભોગબનનારની જાતીય સતામણી કરેલ હોવાનું સ્પષ્ટ ફલીત થાય છે. જ્યારે રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતા પોલીસ પાર્ટી દ્વારા આરોપીને તરત જ પકડી પાડેલ હોવા છતાં ફરીયાદ દાખલ કરવામાં બીન વાજબી વિલંબ કરેલ છે. પરંતુ પોલીસની નિષ્ક્રિયતાના કારણે ફરીયાદપક્ષના કેસ ઉપર શંકા કરવા માટેનું કોઈ વાજબી કારણ જણાય આવતુ નથી. જેથી, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદપક્ષ તેઓના કેસની પાયાની હકીકતો સંપુર્ણપણે સાબીત કરવામાં સફળ ગયેલ છે. જ્યારે ફરીયાદપક્ષ તેમના કેસના પાયાની હકીકત સાબિત કરવામાં સફળ ગયેલ હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષનો પુરાવા નહી માનવા માટે

બચાવપક્ષે સચોટ સંભાવના દર્શાવવાની રહે છે. જ્યારે રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરવામાં આવેલ હોય કે તેમને ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ હોય તેવી માનવાલાયક કોઈ જ સંભાવના બચાવપક્ષ દર્શાવી શકેલ નથી. જેથી, આ કામના આરોપીએ ભોગ બનનારની જાતીય સતામણી કરેલ હોવાનું ફરીયાદ પક્ષ શંકાથી પર સાબીત કરવામાં સફળ રહેલ હોવાનું અત્રેની અદાલતનું માનવુ હોય, **મુદ્દા નં.–ર નો જવાબ હકારમાં** આપી, મુદ્દા નં.–૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૮(૨) માં જોગવાઈ કર્યા મુજબ હાલના કામેના આરોપી મેહુલભાઈ માવજીભાઈ બારૈયાનાઓને તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૮(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨ ના શિક્ષાને પાત્ર ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં ઉપરોકત ગુન્હા સબબ આરોપીને સજા અંગેનો નિર્ણય કરતા પહેલા સજા અંગે સાંભળવા કાયદા મુજબ આવશ્યક હોય, આરોપીને સજા અંગે સાંભળવા મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭'મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મહુવા
તા.૧૭/૦૭/૨૦૨૬

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ તથા**
**જજ, એફ.ટી.એસ.સી.(પોક્સો) કોર્ટ,**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૮૩૬**

### –: સજા અંગે સાંભળ્યા :–

૧. આ કામે આરોપીને ઉપર મુજબ તકસીરવાન ઠરાવેલ હોઈ સજાના મુદ્દે આરોપીના વિ.વ.શ્રી કે.એસ.ગઢાદરાએ દલીલ કરેલ છે કે, આરોપી નાની ઉંમરના છે. તેઓના ઘરમાં વૃધ્ધ માતા, બહેન તથા ભાઈ છે અને આરોપી ઉપર પરીવારની જવાબદારી છે. આરોપીનો કોઈ ગુનાહીત ઈતીહાસ નથી. તેમજ આર્થિક રીતે પછાત છે. આમ, તેઓને જો મહતમ સજા કરવામાં આવે તો તેના કુટુંબના માણસોના ભરણપોષણનો પ્રશ્ન ઉભો થાય તેમ છે અને તે સંજોગોમાં આરોપીને ફરમાવેલી સજા તેના કુટુંબના માણસોને થાય તેવી સ્થિતિ ઉભી થાય તેમ છે. જેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

૨. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એચ.કેસરીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આરોપીએ સગીર વયની ભોગબનનારની જાતીય સતામણી કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય અને તે ફરીયાદપક્ષ દ્વારા પુરવાર કરેલ હોય, ભવિષ્યમાં સમાજમાં આવા કૃત્યો આચરતા અન્ય વ્યકિતઓ ગભરાય તે માટે દાખલો બેસાડવા માટે આરોપીને મહતમમાં મહતમ સજા કરવા અરજ કરેલ છે અને આરોપીની સજા બાબતે ઉદાર વલણ દાખવવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર ઉભી થશે અને ગુનેગારોને કાયદાનો કોઈ ડર રહેશે નહી અને તેથી ભવિષ્યમાં આવા ગંભીર પ્રકારના ગુના આચરતા અટકાવવા માટે આરોપીને મહતમ સજા ફરમાવવી જોઈએ તેવી રજુઆત કરેલ છે.

૩. આમ, બંને પક્ષોની દલીલો, કેસની હકીકત અને કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા કોઈપણ આરોપીને કોર્ટે સજા કરવા માટે આરોપીની ઉંમર, આર્થિક પરિસ્થિતી, તેનુ ચારીત્ર, તેના વિરૂધ્ધના ગુનાની ગંભીરતા, તેમજ ગુનાની સમાજ ઉપર પડતી અસરને ધ્યાને લેવાનું હોય છે.

૪. ઉભયપક્ષની રજુઆતો તથા હાલના કેસની હકીકતો ધ્યાને લેતા આરોપીએ ભોગબનનાર સાથે જાતીય સતામણીનો ગુનો આચરેલ છે. પરંતુ આરોપી નાની ઉંમરના છે, તેમજ કોઈ ગુનાહીત ઈતીહાસ ધરાવતા ન હોય, તેમજ આર્થિક રીતે પછાત વર્ગમાંથી આવતા હોય, આરોપીની ઉંમર, ચારીત્ર, તેમજ આર્થિક પરીસ્થિતી ધ્યાને લેતા આરોપીને સુધરવાની તક મળવી જોઈએ. જેથી આરોપીએ આચરેલ ગુનાની સજાની જોગવાઈ તથા હાલના કેસના સંજોગો અને ગુનાની ગંભીરતા ધ્યાને લેતા આરોપીને યોગ્ય સમયની કેદની સજા અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈ દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે.

**વળતર અંગે :–**

૫. આ સિવાય કાયદાની કલમ–૯ મુજબ યોગ્ય કિસ્સામાં ભોગબનનારને વળતર ચુકવવાની પણ જોગવાઈ કરવામાં આવેલ છે. જયારે હાલના કેસની હકીકતો ધ્યાને લેતા ભોગબનનાર સાથે આરોપીએ જે કૃત્ય કરેલ છે તેને ધ્યાને લેતા ભોગબનનારને વળતર પેટે રકમ ચુકવી આપવા આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાય છે.

૬. આમ, આ કામે ઉપર આપેલ કારણો અન્વયે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંક પણે પુરવાર કરેલ હોવાનું આ અદાલતે માનેલ છે. ત્યારે આ કામના આરોપીને ભોગબનનાર સબંધે જે શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે તે સબબ તકસીરવાર ઠરાવેલ છે તે સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>આખરી હુકમ</u> :–**

આ કામના આરોપી મેહુલભાઈ માવજીભાઈ બારૈયાનાઓને બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૮(૨) અન્વયે નીચે મુજબની શિક્ષા કરવામાં આવે છે.

(૧) આ કામના આરોપી મેહુલભાઈ માવજીભાઈ બારૈયાને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૮(૧) મુજબના ગુનાના કામે ૬(છ) માસની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપી મેહુલભાઈ માવજીભાઈ બારૈયાને જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબના ગુનાના કામે ૬(છ) માસની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૩) આ કામે ભોગબનનારને ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટની કલમ–૩૩(૮) મુજબ તથા બી.એન.એસ.એસ. ની કલમ–૩૯૫(એ) મુજબ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ રુલ્સ–૯ મુજબ ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ–૨૦૧૯ અન્વયે રૂા.૫૦,૦૦૦/–(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) નું વળતર આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) બી.એન.એસ.એસ. ની કલમ–૩૯૫(એ) અન્વયે ભોગ બનનારની વય, તેની આર્થિક સ્થિતી, દરજ્જો અને તેની જવાબદારી ધ્યાને લેતા ભોગબનનારને વળતર ચુકવવા માટે ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, ભાવનગરને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૭ અન્વયે અરોપીએ ઉપરોકત તમામ સજા એકીસાથે ભોગવવાની રહેશે.

(૬) બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ આરોપીએ કાચા કામના કેદી તરીકે જેટલો સમય જેલમાં રહયા છે તેટલો સમય મજરે આપવાનો રહેશે.

જજ, એફ.ટી.એસ.સી.(પોક્સો) કોર્ટ, મહુવા

(૭) બી.એન.એસ.એસ. ની કલમ–૪૦૪(૧) અન્વયે હાલના કેસના ચુકાદાની એક નકલ વિના વિલંબે અને વિના મુલ્યે આરોપીને આપવી.

(૮) આ હુકમની એક ખરીનકલ ભોગબનનારના વાલીને વિના મુલ્યે આપવી.

(૯) આ હુકમના અમલ સારુ સજા વોરંટ ભરવુ અને આ હુકમની એક નકલ સાથે મોકલવી.

(૧૦) આ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભાવનગરનાઓને મોકલી આપવી.

(૧૧) આ કામે કબજે કરેલ મુદ્દામાલ મોટર સાયકલનો વચગાળાની કસ્ટડી પર સોંપવાનો હુકમ થયેલ હોય તો તે હુકમ અપીલ પીરીયડ બાદ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા ઈન્કવાયરી કરી તેના મુળ માલીકને પરત સોંપવો.

હુકમ આજરોજ તા.૧૭'મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મહુવા
તા.૧૭/૦૭/૨૦૨૬

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ તથા**
**જજ, એફ.ટી.એસ.સી.(પોક્સો) કોર્ટ,**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૮૩૬**

HRC